**ક્રિમિનલ પરચુરણ અરજી નં. – ૮૩/૨૦૨૬**

**ફોજદારી કેસ નં.૫૫૫/૨૦૨૫**

**આરોપી ત્રીકમભાઈ કિશોરભાઈ રાઠોડની જામીન અરજી તળે હુકમ**

1. હાલનાં કામનાં આરોપીને પકડ વોરંટથી રજુ કરેલ છે. જે અનુસંધાને આરોપીનાં વિ.વ.શ્રીએ જામીન અરજી રજુ કરેલ છે.
2. સાંભળ્યા, અરજી વંચાણે લીધી.
3. હાલની અરજી આપી આરોપીપક્ષ તરફે રજુઆત કરેલ છે કે, આરોપીને અચાનક અંગત કામ સબબ બહારગામ જવાનું થયેલ હોવાથી હાજર રહી શકેલ નહીં. જેથી મુદતની જાણ ન હોઈ આરોપીનું પકડ વોરંટ ઈશ્યુ થઈ ગયેલ હોય, હવેથી દરેક મુદત તારીખે કોર્ટ રૂબરૂ હાજર રહેવાની બાંહેધરી આપીએ છીએ. વધુમાં જણાવે છે કે, આરોપી ક્યાંય નાસી–ભાગી જાય તેમ નથી. તેમજ કોર્ટ ફરમાવશે તેવી તમામ શરતોનું પાલન કરીશું. જેથી જામીન ઉપર મુક્ત કરવા અરજ કરેલ છે.
4. ઉપરોક્ત આરોપીપક્ષની રજુઆત સાંભળી, આરોપીએ અરજીમાં જણાવેલ કારણ યોગ્ય અને વ્યાજબી લાગતુ હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

**આરોપીએ રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપીયા દસ હાજર પુરા)** નાં રકમનાં જામીન તથા તેટલી જ રકમનાં જાતમુચરકા રજુ કર્યેથી તથા **દંડ પેટે રૂા.૫૦૦/– (અંકે રૂપીયા પાંચસો પુરા) નાઝરમાં જમા કરાવ્યેથી** નીચેની શરતોને આધીન આથી **"જામીન મંજુર**' કરવામાં આવે છે.

1. આરોપીએ કોર્ટની પરવાનગી વગર ગુજરાત રાજ્યની હદ્દ છોડવી નહીં.
2. આરોપીએ પોતાનું હાલનું સરનામું તથા કોન્ટેકટ નંબર પુરસીસથી રજુ કરવા.

હુકમ આજરોજ તારીખ–૧૯/૦૬/૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી–સીક્કો કરી જાહેર કર્યો.

તા.૧૯/૦૬/૨૦૨૬
પડધરી

**(કુ.શ્રદ્ધા એન. ફાળકી)**
**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**પડધરી,જી.રાજકોટ, UID GJ–1579**